પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **Morning : 7.10 to 7.20am**

**Day: WEDENESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- ❖ વાઇબ્રન્ટ ગુજરાત વાઇબ્રન્ટ અમરેલી અંતર્ગત 11 કરોડથી વધુના સમજૂતી કરાર થયા છે.
- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો કેલિફોર્નિયામાં યોજાયેલ અલાયન્સ ઈન્ડસ યુ.એસ. ઇન્ડિયા કોર્પોરેટ ગવર્મેન્ટ સમિટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું છે.
- ❖ રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અંબાજીમાં પ્રસાદ બનાવનાર કેટરર્સની તપાસ દરમ્યાન રૂપિયા 8 લાખની કિંમતનો ભેળસેળયુક્ત ઘી નો જથ્થો જપ્ત કરાયો છે.
- ❖ સંકલ્પ સપ્તાહ અંતર્ગત સંપૂર્ણ સ્વાસ્થ્ય - એક સંકલ્પ થીમ સાથે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયા.
- ❖ વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની ટ્રોફી ગઇકાલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રદર્શનમાં મૂકાતા ક્રિકેટપ્રેમીઓમાં આનંદની લાગણી વ્યાપી. - ટ્રોફીનું અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગમન થયું છે.
- ❖ અમદાવાદમાં યોજાનારી વિશ્વ કપ ક્રિકેટ મેચના દિવસો દરમ્યાન મોટેરા સ્ટેડિયમ ખાતે આવવા જવા માટે મેટ્રોસેવા રાત્રે 1 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

**Vibrant amreli**

વાયબ્રન્ટ ગુજરાત – વાયબ્રન્ટ અમરેલી અંતર્ગત 11 કરોડથી વધુના સમજૂતી કરાર થયા છે.

અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે ‘વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ અમરેલી’ કાર્યક્રમ વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો અમરેલી કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો વેપારીઓ સાથે B2B અને B2C કાર્યક્રમ, ઉદ્યોગ જગતના નિષ્ણાતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા વિવિધ વિષયો પર એક દિવસીય સેમિનાર પણ યોજાયો હતો આ સાથે જ અમરેલી જિલ્લાના વેપાર ઉદ્યોગ જગતનું તેમજ સરકારના વિવિધ વિભાગોનું પ્રદર્શન પણ યોજાયું હતું આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના પાંચ ઉદ્યોગ-વેપાર એકમોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મારફતે રોકાણ કરવા માટે એમ.ઓ.યુ. સાઇન કર્યા હતા. કાર્યક્રમમાં કુલ 11 કરોડ 27 લાખ રુપિયાના પાંચ સમજૂતી કરાર થયા હતા.

## Vibrant surendranagar

વાઇબ્રન્ટ ગુજરાત -વાઇબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ પરિષદ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાનો કાર્યક્રમ આગામી તા. ૧૧ અને ૧૨ ઓક્ટોબરે પંડિત દિન દયાળ ઉપાધ્યાય ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે જિલ્લા કલેક્ટર કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઇ હતી. અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે , આ બેઠકમાં જિલ્લા કલેક્ટરએ તમામ વિભાગોને કાર્યક્રમ અંતર્ગત ફાળવવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ કાર્યક્રમ દ્વારા ઉદ્યોગને લગતી કલ્યાણકારી યોજનાની જાણકારી સરળતાથી મળી રહે તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, એમ.એસ.એમ.ઇ, કુટીર ઉદ્યોગ, વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ તેમજ જિલ્લાના વિવિધ ઉદ્યોગો દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ પ્રદર્શન વિભાગ બે દિવસ માટે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. જિલ્લાના નાગરિકોને ઉદ્યોગક્ષેત્રે લાભ થાય તે પ્રકારના માર્ગદર્શક સેમિનાર

તેમજ જિલ્લાના મોટા ઉદ્યોગ સાથે B2B અને B2C પ્રકારની મીટીંગો યોજાશે. ઉદ્યોગ જગતના નિષ્ણાતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા ઉદ્યોગને લગતા વિષયો પર બે દિવસીય સેમિનાર પણ યોજાશે.

## CM America summit

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો કેલિફોર્નિયામાં યોજાયેલ અલાયન્સ ઈન્ડસ યુ.એસ. ઇન્ડિયા કોર્પોરેટ ગવર્મેન્ટ સમિટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત નિતી આધારીત રાજય છે અને રાજ્ય સરકાર ઉદ્યોગો, હરિત ઉર્જા અને તે માટેની ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે સતત કાર્યરત છે.

આ સમિટનાં ઉદઘાટન સત્રમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિવિધ ક્ષેત્રની ઉલ્લેખનીય સિદ્ધિઓનો ભારપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. ભારતના એક્સપોર્ટમાં ગુજરાતનું યોગદાન તેમજ રાજ્યનો મજબૂત આર્થિક વિકાસ તેમજ ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટનો ચિતાર તેમણે આપ્યો હતો. દેશના GDPમાં ગુજરાતનું યોગદાન ૮ ટકા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા રહ્યું છે તેની વિગતો તેમણે આપી હતી.

મુખ્યમંત્રીએ આગામી સમયમાં જાહેર થનારી સૂર્ય ઉર્જા નીતીની વાત કરી હતી અને હાઇડ્રોજન એનર્જી ક્ષેત્રે ગુજરાતને અગ્રેસર બનાવવા માટેના આયોજનની  જાણકારી આપી હતી.

મુખ્યમંત્રીએ ભારત અને અમેરિકાના વેપાર અને મૂડીરોકાણ સંબંધોને વધુ મજબૂત કરવા આગામી વૈશ્વિક ગુજરાત વાઇબ્રન્ટ સમિટ પરિષદ ૨૦૨૪માં સહભાગી થવા અમેરિકાના વેપાર અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને આમંત્રણ પાઠવ્યું હતું.

## Ambaji Ghee Japt

રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ભાદરવી પૂનમના મેળા દરમ્યાન પ્રસાદ બનાવનાર કેટરર્સની તપાસ દરમ્યાન રૂપિયા 8 લાખની કિંમતનો ભેળસેળ ઘી નો જથ્થો જપ્ત કરાયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નર ડૉ.એચ.જી.કોશિયાએ માહીતી આપી હતી કે, અંબાજીના ભાદરવી પૂનમના મેળા દરમિયાન ભાવી ભક્તોને ગુણવત્તાયક્ત પ્રસાદ મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની બનાસકાંઠા કચેરી દ્વારા અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રસાદી બનાવવાનો કોન્ટ્રાકટ અપાયો હતો એ કેટરર્સની રૂબરૂ મુલાકાત લઇ તપાસ કરી હતી. તપાસ દરમ્યાન પ્રસાદીમાં બનાવવા ઉપયોગમાં લેવાનાર ખાદ્ય ઘી પર શંકા જણાતા તેનું સ્થળ પર જ મોબાઈલ ફૂડ ટેસ્ટીંગ વાનમાં પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જે યોગ્ય ન જણાતા રૂ. ૮ લાખની કિંમતનો ૨ હજાર ૮૨૦ કિ.ગ્રા ઘીનો ભેળશેળવાળો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

## Sankalp Saptah

સંકલ્પ સપ્તાહની ઉજવણી ગઇકાલ ત્રીજી ઓકટોબરથી ૯મી ઓકટોબર સુધી થઇ રહી છે. ત્યારે આરોગ્યને લગતી થીમ સંપૂર્ણ સ્વાસ્થ્ય - એક સંકલ્પ અંતર્ગત ગઇકાલે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયા હતા.

તાલુકાના 32 આરોગ્યકેન્દ્રોમાં સગર્ભા બહેનોની તપાસ, માતા અને બાળકોનું રસીકરણ, બિનચેપી રોગો જેવા કે બી.પી., ડાયાબીટીસ, કેન્સરનું સ્ક્રીનીંગ, કિશોરીઓ માટે એનેમીઆનું ટેસ્ટીંગ, તેમજ સારવાર, ટીબી રોગનું નિદાન, ટીબી રોગ વિશે જાગૃતિ અને સારવાર, આયુષ્માન કાર્ડ બનાવવા જેવી આરોગ્યલક્ષી કામગીરી થઇ હતી. આ પ્રસંગે ગાંધીનગરની વિભાગીય નિયામક ડૉ.એસ.કે.મકવાણાએ તાલુકા

સેન્ટરોની મુલાકાત લીધી હતી. તેમણે લોકોને વધુ ને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ સત્વરે મળી રહે તે માટે તબીબી સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ટીબી મુક્ત પંચાયત અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણયુક્ત કીટનું આ પ્રસંગે વિતરણ કરવામાં આવ્યું હતું.

## Metro Train Time

અમદાવામાં યોજનારી વિશ્વ કપ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરા ખાતે આવવા જવા માટે મેટ્રો ટ્રેનની સેવામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

સત્તાવાર યાદી મુજબ તારીખ 5 અને 14, ઓકટોબર તેમજ 4, 10, 19 નવેંબરના રોજ સવારના 6 વાગીને 20 મીનીટથી મધ્યરાત્રિના 1 વાગ્યા સુધી મેટ્રો ટ્રેન સેવા ઉપલબ્ધ રહેશે.

મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન પરથી પરત મુસાફરી માટૈ ટિકિટીના ખરીદીમાં ભીડ ટાળવા માટે પેપર ટીકીટની સુવિધા શરૂ કરાઇ છે. જે પરત મુસાફરી માટે મેચના દિવસે રાત્રે 10 વાગ્યા પછી કોઇપણ સ્ટેશન સુધીની મુસાફરી માટે 50 રૂપિયાના નિશ્ચિત દરે ખરીદી શકાશે.

## ICC World cup Trophy

આઇસીસી પુરૂષોની ક્રિકેટના વિશ્વકપની ટ્રોફી ક્રિકેટ પ્રેમીઓ માટે ગઇકાલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રદર્શન માટે મૂકવામાં આવતા ક્રિકેટપ્રેમીઓમાં આનંદની લાગણી વ્યાપી હતી. પ્રતિષ્ઠિત ક્રિકેટ મહાકુંભની ટ્રોફી વિશ્વની શ્રેષ્ઠતા અને એકતાનું પ્રતીક છે. ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે આ ટ્રોફી મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ક્રિકેટ પ્રેમીઓને ટ્રોફીને નજીકથી નિહાળવાની તક મળી હતી.

ઉલ્લેખનીય છે કે, આઇસીસી ક્રિકેટ વિશ્વકપની આ ટ્રોફીને વર્ષની શરૂઆતતી જ તેની સફર શરૂ કરી છે. પૃથ્વીની 1 લાખ 20 હજાર ફૂટની ઉંચાઇ પર આવેલ સ્ટ્રેટોસ્ફિયર સુધી પહોંચી હતી. વિશ્વભરમાં વિવિધ પ્રસિદ્ધ સ્થળોએ ટ્રોફી લઇ જવામાં આવી જે એકતા અને રમતગમતની શ્રેષ્ઠતાનું પ્રતીક દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, ક્રિકેટ વિશ્વકપની ટ્રોફીનું અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગમન થયું છે.

## Veraval –accident

વેરાવળ સાવરકુંડલા એસ.ટી બસને અકસ્માત નડતાં 12 મુસાફરો ધાયલ થયા છે.

અમારાં ગિરસોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતરજણાવે છે કે , વેરાવળ થી સાવરકુંડલા તરફ જતી એસ ટી બસ અને ટ્રક સામસામે અથડાતા આકસ્મત સર્જ્યો હતો જેમાં એસ.ટી બસમાં સવાર 25 લોકો માંથી 12 લોકો ધાયલ થયા હતા જેને વેરાવળ સુત્રાપાડા તેમજ વિવિધ હોસ્પિટલોમાં 108 અને એમ્બ્યુલન્સ મા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા

## Dr. swaminathan –shradhanjali

કૃષિ મંત્રી રાઘવજી પટેલે હરિત ક્રાંતિના પ્રણેતા અને કૃષિ વૈજ્ઞાનિક ડો. એમ. એસ. સ્વામિનાથનને ગાંધીનગરના કૃષિ ભવન- ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભારતે એક અણમોલ રતન ખોયું છે તેમ કહેતા કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, કૃષિ અને દેશના ખેડૂતો માટે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું એવા પ્રેરણાદાયી વ્યક્તિત્વની ચીર વિદાય દેશને હરહંમેશ વર્તાશે.

મંત્રી શ્રી એ આ શાંતિસભા દરમિયાન ડૉ. એમ.એસ.સ્વામિનાથન જીવન-કવન વિશે અને તેમણે ભારતીય કૃષિ ક્ષેત્રે આપેલા મહામૂલા યોગદાન વિશે વિસ્તૃત

માહિતી આપી હતી. કાર્યક્રમમાં ડો.સ્વામીનાથનને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપાઈ હતી.

## Girnar aarohan avrohan spardha

જુનાગઢના ગીરનાર- ખાતે આગામી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન ‘રાજ્યકક્ષા ગીરનાર આરોહણ અવરોહણ’ સ્પર્ધા યોજાશે. ૧૪ થી ૩૫ વર્ષના વિદ્યાર્થી, યુવક અને યુવતીઓ આ એક દિવસીય સ્પર્ધામાં ભાગ લઇ શકશે.